આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- વિરલ રાણા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૨૬-૧૦-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## પ્રધાનમંત્રી-ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન-લોકાર્પણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 28 ઓક્ટોબરના ગુજરાત આવી રહ્યા છે. તેમના આગામી ગુજરાત પ્રવાસ દરમ્યાન તેઓ અમરેલી જિલ્લા ખાતે 4800 કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે, જેમાં અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ 1600 જેટલાં વિકાસકાર્યનો સમાવેશ થાય છે.

શ્રી મોદી રૂ. 1094 કરોડના ખર્ચે બનેલા ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. આ સેક્શનમાં 24 મોટા અને 254 નાના બ્રિજ સામેલ છે તેમજ ત્રણ રોડ ઓવરબ્રિજ અને 30 રોડ અંડરબ્રિજનો પણ આ પ્રોજેક્ટમાં સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ કચ્છ જિલ્લાના સામાજિક-આર્થિક વિકાસને વેગ આપશે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---------------------------------------------------------------------------

## અર્બન ઈન્ડિયા-કૉન્ફરન્સ-ગાંધીનગર-CM

ગાંધીનગર ખાતે ત્રણ દિવસની "17મી અર્બન મોબિલિટી ઇન્ડિયા કૉન્ફરન્સ એન્ડ એક્સ્પો-૨૦૨૪"નું ઉદ્ઘાટન કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'ભારત આજે વિશ્વનું સૌથી મોટું પાંચમું અર્થતંત્ર બન્યું તેમાં છેલ્લા 10 વર્ષમાં થયેલા સામાજિક, આર્થિક વિકાસ અને શહેરીકરણની મહત્વની ભૂમિકા રહી છે.'

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા યોજાયેલી આ પરિષદ અને પ્રદર્શનમાં મેટ્રો રેલ કંપનીઓ, જાહેર-ખાનગી ક્ષેત્રના 76 જેટલા પ્રદર્શકો તેમજ

મોટી સંખ્યામાં મહાનુભાવો, કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ સહિત ત્રણ હજાર જેટલા લોકો જોડાયા છે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---

## અર્બન ઈન્ડિયા-કૉન્ફરન્સ –વાહન વ્યવહારમંત્રી

વાહન વ્યવહારમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, 'રાજ્યમાં આગામી સમયમાં વધુ એક હજાર 768 જેટલી CNG-EV બસ દોડાવાશે. ગાંધીનગરમાં યોજાયેલી 17મી અર્બન મોબિલિટી ઇન્ડિયા પરિષદના શુભારંભ સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ આમ જણાવ્યું હતું.

દરમિયાન તેમણે આ પરિષદ આગામી સમયમાં રાજ્ય સહિત દેશના જાહેર પરિવહનને નવી દિશા આપશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. મંત્રી શ્રી સંઘવીએ દેશમાં સૌપ્રથમ બૂલેટ ટ્રેન ગુજરાતમાં શરૂ થવા બદલ સંબંધિત વિભાગોના અધિકારીઓ અભિનંદન પાઠવ્યા હતા.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---

## પેન્શન ટપાલ સુવિધા

ભારતીય ટપાલ વિભાગ દ્વારા પેન્શન ધારકોને ઘરે બેઠા જીવન પ્રમાણપત્ર બનાવી આપવામાં આવશે. હવે પેન્શન ધારકોએ આ પ્રમાણપત્ર રજૂ કરવા કોઈ ટ્રેઝરી, બેન્ક કે અન્ય વિભાગમાં જવાની જરૂર નહીં રહે.

અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે આ અંગે જણાવ્યું હતું કે, 'પેન્શનધારકો તેમના નજીકના ડાકઘરના પૉસ્ટમેન અથવા ગ્રામીણડાક સેવકની મદદથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ મેળવી શકે છે. આ માટે માત્ર 70 રૂપિયા ફી નક્કી કરવામાં આવી છે.

આ પ્રમાણપત્ર આપમેળે સંબંધિત વિભાગને ઑનલાઈન પહોંચી જશે, જેથી પેન્શન મળવામાં કોઈ અડચણ નહીં થાય. આ સુવિધા તમામ ડાકઘરોમાં ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્ક દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---------------------------------------------------------------------------

## પશુપાલક એવોર્ડ-કચ્છ

રાજ્યના પશુપાલન મંત્રી રાઘવજી પટેલના હસ્તે કચ્છના પશુપાલક વરૂણ શર્માને રાજ્યના શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર અંતર્ગત પ્રથમ પુરસ્કાર એનાયત કરાયો. કચ્છના ભુજમાં આવેલા ટાઉનહૉલ ખાતે પશુપાલન મંત્રીની ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારોહ યોજાઈ ગયો.

દરમિયાન શ્રી પટેલે 21મી પશુધન વસતિ ગણતરી અને પશુપાલક અકસ્માત વીમા યોજનાનો પણ શુભારંભ કરાવ્યો હતો. શ્રી પટેલે ભુજ ખાતે એક કરોડ 60 લાખ રૂપિયાના ખર્ચે પશુરોગ અન્વેષણ એકમના નવા ભવનનું ઈ-લૉકાર્પણ કરતા જણાવ્યું કે, કચ્છ જિલ્લામાં પશુઓના રખરખાવ, સંવર્ધન અને સારવાર માટે આ એકમ મહત્વનું બનશે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---------------------------------------------------------------------------

## કંડલા એરપોર્ટ ફ્લાઈટ-ધમકી

મુંબઈ-કંડલા ફ્લાઈટને બૉમ્બથી ઉડાડી દેવાની ધમકી મળતાં પૂર્વ કચ્છ પોલીસે કંડલા હવાઈમથક ખાતે તપાસ હાથ ધરી હતી.

સ્પાઈસ જેટએર લાઈન્સના સોશિયલ મીડિયા એક્સ એકાઉન્ટમાં મુંબઈ-કંડલા સહિત 85 ફ્લાઈટને ધમકી મળતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. જો કે તપાસના અંતે વિસ્ફોટ પદાર્થ ન મળતા તંત્રે રાહતના શ્વાસ લીધા હતા.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---------------------------------------------------------------------------

## PM-મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી “મન કી બાત” કાર્યક્રમમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી કડી હશે.

કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં નેટવર્ક પર કરાશે. “મન કી બાત” કાર્યક્રમ આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. એપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---

## પશ્ચિમ રેલ્વે-વિશેષ ટ્રેન

દિવાળી અને છઠના તહેવારને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવે વધારાની 86 ટ્રેનો દોડાવશે.ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તર ભારત અને ઉત્તર પૂર્વ ભારતનાં શહેરો માટે તહેવારને અનુલક્ષીને વિશેષ ટ્રેન દોડાવવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

**(એર ન્યુઝ/વિરલ રાણા)**

---

## ક્રિકેટ

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પુણેમાં રમાઈ રહેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના બીજા દિવસની રમતના અંત સુધીમાં ન્યુઝીલેન્ડે બીજા દાવમાં 5 વિકેટે 198 રન બનાવીને 301 રનની લીડ મેળવી છે.

**(એર ન્યુઝ/વિરલ રાણા)**

---

## હવામાન

રાજ્યમાં દિવાળીના તહેવાર બાદ લઘુત્તમ તાપમાન ઘટે તેવી હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. જોકે, તે પહેલા રાજ્યના લોકોએ ગરમી સહન કરવી પડશે.

**(RNU અમદાવાદ/વિરલ રાણા)**

---------------------------------------------------------------------------